सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યાતારીખ : | ૦૨–૦૨–૨૦૨૧ | | |
| દાખલ તારીખ : | ૦૨–૦૨–૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ : | ૨૧–૦૨–૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મોડાસાનાં મહે.એડીશ્નલ સીવીલ જજ એસ.આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા, જીલ્લા:અરવલ્લી.**

=================================-----------------------------

**રે.<u>દિ.મુકદમા નં.૧૨/૨૦૨૧</u>**
**<u>આંક:</u>**

રંગાભાઈ છગનભાઈ પટેલ,ઉ.આ.વ.૬૫
ધંધો:ખેતી,રહે.ફરેડી, તા.મોડાસા,જી.અરવલ્લી.

...... **<u>વાદી</u>**

**––– <u>વિ રૂ ધ્ધ</u> –––**

(૧) મથુરભાઈ છગનભાઈ પટેલ,ઉ.આ.વ. પુખ્ત વયના
(૨) નાનજીભાઈ છગનભાઈ પટેલ ,ઉ.આ.વ.પુખ્ત વયના
(૩) રમણભાઈ વાલાભાઈ પટેલ, ઉ.આ.વ. પુખ્ત વયના
(૪) નરસિંહભાઈ વાલાભાઈ પટેલ,ઉ.આ.વ.પુખ્ત વયના
(૫) કનુભાઈ વાલાભાઈ પટેલ, ઉ.આ.વ.પુખ્ત વયના
પ્રતિવાદી નં. ૧ થી ૫નુ રહે. ફરેડી, તા. મોડાસા, જી.અરવલ્લી.
(૬) પટેલ સવીતાબેન બંગાભાઈ , ઉ.આ.વ.પુખ્ત વયના

(૭) અંજનાબેન તે રંગાભાઈ છગનભાઈની દીકરી અને
સુભાષચંન્દ્ર રમણલાલના પત્ની, ઉ.આ.વ.પુખ્ત વયના
રહે. મૈયાપૂર, તા.માલપુર, જી. અરવલ્લી. મ

(૮) પટેલ ચેતનાબેન તે રંગાભાઈ છગનભાઈની દીકરી અને
રાકેશભાઈ હીરાભાઈ પટેલની પત્ની, ઉ.આ.વ.પુખ્ત વયના
રહે. ગલીયાદાંતી, તા.માલપુર, જી.અરવલ્લી.

(૯) જાનકીબેન તે રંગાભાઈ છગનભાઈની દીકરી અને
મુહૂલકુમાર રમેશભાઈ પટેલની પત્ની, ઉ.આ.વ.પુખ્ત વયના
રહે.રુઘનાથપુર, તા.માલપુર, જ. અરવલ્લી.

(૧૦) હંસાબેન તે રંગાભાઈ છગનભાઈની દીકરી અને
અગ્નિકુમાર ડાહ્યાભાઈ પટેલની પત્ની, ઉ.આ.વ.પુખ્ત વયના
રહે. મોર ડુંગરી, તા.માલપુર, જી. અરવલ્લી.

(૧૧) બાલસારંગ રંગાભાઈ પટેલ, ઉ.આ.વ.પુખ્ત વયના
રહે. ફરેડી,તા. મોડાસા, જી. અરવલ્લી.

........... **<u>પ્રતિવાદીઓ</u>**

<u>દાવો</u>:–<u>રૂા.૬૦૦/–પુરાનાં આંકથી ડેકરેલેશન તથા</u>

<u>કાયમી મનાઈહૂકમ મેળવવા માટે.</u>

=============================================

વાદી તરફે વિ.વકીલ શ્રી બી.કે. પટેલ
પ્રતિવાદીઓ તર્ફે વિ.વકીલશ્રી પી.એ. ઉપાધ્યાય

-----------------------------------

**–:: <u>ચુકાદો</u> ::–**

**(૧)** વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે,વાદી ફરેડી ગામના રહીશ છે. મોજે અણદાપુર,તા.મોડાસાની સીમના નવા સર્વે નં.૬૫ ની ૩–૬૧–૪૦ હે.આરે.ચો.મી.વાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના નામે

સંયુકત ખાતે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે. સદર જમીન વાદી નં. ૧ અને પ્રતિવાદી નં.૧ અને ૨ અને પટેલ વાલાભાઈ પુજાભાઈ એટલે કે પ્રતિવાદી નં.૩ થી ૫ ના પિતાના સંયુકત રીતે માંનાભાઈ લેબાભાઈ ,રહે.માથાસુરીયા નાઓ પાસેથી વેચાણ રાખેલી હતી.જેના સ્થળ ઉપર કુલ ચાર હિસ્સા પડેલા. જેમાં ૧/૪ ભાગના હિસ્સાની જમીન પ્રતિવાદી નં.૩ થી ૫ ના હિસ્સાની છે. ૧/૪ જમીન પ્રતિવાદી નં.૧ ના હિસ્સામાં આવેલ છે. ૧/૪ જમીન પ્રતિવાદી નં.૨ના હિસ્સામાં આવેલ છે અને ૧/૪ જમીન વાદીના હિસ્સામાં આવેલ છે. વાદીએ રેવન્યુ રેકર્ડે હયાતીમાં વારસાઈ કરાવતાં ગામ નમૂના નં. ૬ મા નોધ ન. ૧૦૨૩ થી સીધી લીટીના વારસદારો તરીકે વાદીના પત્ની, પુત્રીઓ, અને પુત્રનુ નામ દાખલ કરાવેલ છે.વાદી અને પ્રતિવાદીઓનો પોતપોતાના હીસ્સાની જમીનનો કબજો ભોગવટો આવેલ છે. પ્રતિવાદી નં. ૩ થીપ નાઓ સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ઢે સંયુકત ખાતેદાર છે તેથી દાવાને પક્ષકારનો બાદ ના આવે તે માટે તેઓને ફોરમલ પક્ષકાર તરીકે જોડેલ છે આમ, પ્રતિવાદી નં઼ ૩ થી ૧૧ વ્રિુધ્ધ કોઈ દાદ માગેલ નથી. વાદીના વીવાદવાળા સ.નં.૬૫ પૈકીની ૧/૪ હીસ્સાની જમીનના હદખૂંટની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : ફરેડી ગામનો સીમાડો (વાદીની સર્વે નં.૩૬૭ ની જમીન આવેલ છે.)

પશ્ચિમે:સર્વે નં.૬૫ પૈકીની પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની જમીન આવેલી છે.

ઉત્તરે :બામણીયા મંગુબેન મગનભાઈ તથા મોજે માથાસુલીયાનો સર્વેનં. ૧૧૮ ની જમીન આવેલી છે.

દક્ષિણ :સર્વે નં. ૬૫ પૈકીના પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓની જમીન આવેલ છે.

સદર સર્વે નંબરમાં પૂર્વ પશ્ચિમ શેઢો નાખી વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ અને પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ હિસ્સા પાડેલા છે.સદર જમીનના દક્ષીણ તરફ પ્રતિ.નં.૩ થી ૫ નાઓની ૧/૪ હિસ્સા મુજબની જમીન આવેલ છે અને સદર પૂર્વ પશ્ચિમ શેઢાની ઉત્તરે વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ ની જમીન આવેલ છે. તેમના હીસ્સે આવેલ જમીનમાં વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વચ્ચે સમજૂતીથી વહેંચણી થતાં પ્ર તિવાદી નં. ૩ થી ૫ ની જમીનના ઉત્તર તરફ પૂર્વ પશ્ચિમ આવેલ શેઢ ે ઉત્તર દક્ષીણ શેઢા નાખી સ્થળ ઉપર ત્રણ હીસ્સા કરેલ છે.જે હીસ્સાઓ પૈકી પશ્ચિમ તરફનો હીસ્સોપ્રતીવાદી નં.૧ ના નામે ગયેલ છે અને તે હીસ્સાને અડીન. આવેલ બીજો વચ્ચેનો હીસ્સો પ્રતિવાદી નં.૨ નાનજીભાઈ છગનભાઈના હીસ્સે ગયેલ છે અને પૂર્વના શેઢાને અડીન. એટલે કે પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની પૂર્વે આવેલ હીસ્સો વાદીના ભાગે આવેલ છે. વાદી અને પ્ર તિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાની ઉત્તરે વાદીના હીસ્સાને અડીને માથાસુલીયાથી ફરેડી જવાનો રસ્તો આવેલ છે અને સદર રસ્તાથી પુર્વે વાદી તથા પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાનો ઉત્તર શેઢો પુરો થયા પછી ઉત્તરે આવેલ જમીનમાં આવેલ રસ્તે થઈ વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ પોતપોતાના હીસ્સાની જમીનમાં અવરજવર કરે છે અને ખેતીના ઓજારો, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લઈ જાય છે.વાદી વધુમાં જણાવે છે કે, વાદીના હીસ્સાની જમીનને બીલકુલ અડીને સ.નં. ૩૬૭ ની તેમની માલીકીની જમીન આવેલ છે અને સદર દાવાવાળી જમીનની ઉત્તરે પૂર્વ થઈ સ.નં. ૬૫ ના ઉત્તરે થઈ ફરેડીથી માથાસુરીયા જવાનો રસ્તો પસાર

થાય છે. સદર રસ્તે થઈ ફરેડીથી માથાસુરીયા જવાય છે જે રસ્તો સ.નં.૬૫ ના ઉત્તર તરફના શેઢે અડીને પૂવૃ પશ્ચિમ તરફ પસાર થાય છે.વર્ષોથી આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ તેઓના ભાગની જમીનમાં જવા આવવા માટે આ જ રસ્તાનો ઉપયોગ કરતા આવેલ છે.પ્રતિવાદી નં.૧ અને ૨ તેમના હીસ્સાની જમીનમાં નવો કુવો બનાવવાનું ચાલુ કરેલ છે અને છેલ્લા એક અઠવાડીયાથી કૂવાના ખોદકામ દરમ્યાન નીકળતી માટી(ગાયણ)થી તેઓના હીસ્સાનીજ મીનમાં પુરણ કરી સદર સ.નં. ૬૫ માંના વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાની ઉત્તરે ાથઈ પસાર થતાં ફરેડીથી માથાસુલીયા જવાનો રસ્તાને અડીને દક્ષીણ તરફ વાદીના હીસ્સાની જમીનમાં નવો રસ્તો બનાવી વાદીના હીસ્સાની જમીનના ઉત્તર શેઢે રસ્તાનો નવીન હકક ઉભો કરવાના બદઆશયથી વાદીના હીસ્સાની અને પ્રતિવાદી નં.૨ ના જમીન વચ્ચે આવેલ ઉત્તર–દક્ષિણ શેઢા સુધી પુરણ કરી વાદી નં.૨ ના હીસ્સાની જમીનમાં રસ્તો બનાવી દીધેલ છે અને વાદીના હીસ્સાની ઉત્તર શેઢાની જમીનમાંથી સદર રસ્તો પસાર કરવાના રસ્તાનો માટીકામ કરવાની વાદીને ધમકીઓ આપી રહેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ સદર રસ્તો તેમના હીસસામાંથી પસાર કરવા માગે છે અને તેઓને સદર રસ્તો તેમના હીસ્સાની જમીનમાંથી પસાર કરવા દેવા ધમકીઓ આપી તેમના ઉપર દબાણ કરી રહેલ છે. પરંતુ પ્રતિ.નં.૧ અને ૨ નાઓ સદર રસ્તો જયાંથી પસાર કરવા માગે છે ત્યાં વાદીનુ ઘઉનુ વાવેતર કરેલુ છે અન. વાદીની માલીકીનો આ જગ્યાએ પાણીનો બોર આવેલ છે અને વીજ કનેકશન માટેની ડીપી અને પાકી પી.વી.સી. પાઈપલાઈન

અને ખેતરમાં પાણી છોડવા (પિયત) કરવા માટેના એલ્બા આવેલ છે. ીદર જમીન તેમના માટે ખૂબજ ઉપયોગી છે અને પ્રતિવાદી નં.૧ ર નાઓએ તેમના હીસ્સામાં જે જગ્યાએ રસ્તો બનાવેલ છે ત્યાં ફાજલ ખાડાવાળી જમીન હતી જયારે તેમના હીસ્સાવાળી જમીન ઉપજાઉ અને ઉપયોગી છે.પ્રતિવાદી નં. ૧ અને ર નાઓ જયાં રસ્તો બનાવવાની તજવીજ કરી રહેલ છે તેની અડીને ઉત્તર તરફ ફરેડીથી માથાસૂલીચા જતો સદર સર્વે નં. ૬૫ ના ઉત્તર શેઢે અડીને પસાર થતો સ.નં. ૬૫ માના પ્રતિવાદી નં.૧ , ર ના હીસ્સામાં આવવા જવા માટેનો મૂળ રસ્તો આવેલ છે અને જે હાલ પણ ચાલુ હાલતમાં છે અને ત્યાં થઈ આજે પણ ફરેડી અનેમ ાથાસૂલીચાના લોકો અને સદર કામના પ્રતિવાદી નં. ૧ અને ર નાઓ અવરજવર કરવા અને ખેતીના સાધનો ગાડા ટ્રેકટર વગેરે લઈ જવા ઉપયોગક રે છે આમ ઉપર મુજબની હકીકતે સ્થળ ઉપર રસ્તો હોવાછતાં સદર કામના પ્ર તિવાદી નં. ૧ અને ર નાઓ વાદીને હેરાનપરેશાન કરવાના એકમાત્ર બદઆશયથી એકબીજા સાથે ભળમકી જઈ વાદીના ઉભા પાકને, સ્થળ ઉપર આવેલા પાણીના બોરને, તેમની પાઈપલાઈનને, અને ખેતરમાં પાણી આપવાના એલબાઓને નુકસાન થાય તે રીતે નવો રસ્તો બનાવવા પુરજોશથી પ્રયત્ન કરી રહેલ છે. જેથી દાવા અરજીના પેરા નં.૯ માં દાવાનુ કારણ જણાવી સદર દાવો કરી એવી દાદ માગેલ છે કે, (અ) દાવાના પેરા નં .ર મા વર્ણવેલ ખૂંટ ચારના વર્ણન વચ્ચેની વાદીની દાવાવાળી જમીન મોજે: અણદાપુર, તા.મોડાસા ના સ.નં. ૬૫ પૈકી ૧/૪ ના ઉત્તર તરફે આવેલ વાદીના બોરકુવાને,ડીપીને, ખેતીમાં પાણી પિયત કરવા માટે આવેલ

પી.વી.સી.પાઈપ લાઈનને, એલ્બાઓને નુકશાન થાય તે રીતે તેમજ ખૂંટ ૪ વચ્ચેના વર્ણન વચ્ચેથી વાદીની ખેતીની જમીનના કોઈપણ ખૂણામાંની જમીનમાં થઈ તેમજ તેમના કોઈપણ પ્રકારના વાદીના હકક અધિકારને નુકશાન થાય તે રીતે દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ કોઈપણ પ્રકારના રસ્તાનો નવીન હકક ઉભો કરવાનો અધીકાર નથી તેવુ જાહેર કરવા તેમજ (બ) સદર કામના પ્રતિવાદી નં. ૧ અન. ૨ નાઓ સ.નં. ૬૫ ક્ષેત્રફળ ૩–૬૧–૪૦ વાળી જમીન પૈકી વાદીના દાવાના પેરા નં. ૨ મા જણાવેલ ખૂંટ ૪ વચ્ચેના વર્ણનવાળી જમીનમાં આવેલ તેમના બોર, ઉભા પાક, વીજકનેકશન માટેની ડીપી, પિયત માટેની તેમની પીવીસી લાઈન અને તેના એલ્બાઓને નુકસાન થાય તે રીતે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ ધ્વારા હાલ કે ભવીષ્યમાં રસ્તો બનાવે કે બનાવડાવે નહી તેવો કાયમી જાથુનો મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.તેમજ દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામનાં તમામ પ્રતિવાદીઓને સમંન્સ /નોટીશ ઈસ્યુ કરતાં પ્રતિવાદી નં.૧ થી ૧૧ નાઓને દાવાનો ધોરણસરનો સમન્સ /નોટીશ બજી ગયેલ છે અને પ્રતિવાદીઓ નં. ૧ થી ૫ તરફે તેમના વકીલશ્રી મારફતે હાજર થઈ આંક:૧૯ થી વાદીની દાવા અરજીનો લેખીત જવાબ રજૂ કરેલ છે અને તેઓએ વાદીના દાવાના પેરા નં.૧ થી ૯ ની તમામ

હકીકતોનો ઈન્કાર કરેલ છે અને દાવાની તમામ હકીકતો તદ્દન ખોટી હોય અને તેઓને કબુલ કર્યા સીવાયની અને બંધનકર્તા ન હોવાનુ જણાવે છે.વાદી પ્રતિવાદીઓ વિરુધ્ધ કોઈ દાદ માગી કે મેળવી શકતા ન હોવાનુ જણાવે છે. વધુમાં વાદીનો દાવો મટીરીયલ્સ સપ્રેશનથી કરેલ હોય તેમજ વાદીએ માલાફાઈડ ઈરાદાસર પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કત-રસ્તા પરત્વેનો કાનુની હકક ડુબાડવાના એકમાત્ર બદઆશયથી દાવો કરેલ હોય તેમજ વાદીના દાવાને રેવન્યુ જયુરીડીકશન ,મીસજોઈન્ડર ઓફ પાર્ટીઝનો ,નોન જોઈન્ડર ઓફ પાટીઝનો બાધ નડતો હોય તેમજ વાદીએ દાવો અપૂરતા સ્ટેમ્પથી રજૂ કરેલો હોવાથી વાદીનો દાવો રદ્ થવાને પાત્ર છે.આમ, પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ આંક-૧૯ થી તેમના જવાબમાં વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણસર તેમજ સામાન્ય કારણસર અવરજવરમાં રોકવાની અને અડચણ ઉભી કરવાનું વાદીએ ચાલુ કરેલ છે. વાદીને તેમ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. વધુમાં પ્રતિવાદીઓ દાવા જવાબના પોતાના પેરા નં .૨૩ માં સત્ય હકીકતો એ છે કે,દાવાના કામે વાદીએ ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટો દાવો કરેલ છે.દાવામાં જણાવ્યા મુજબની સ્થળસ્થિતિ નથી.વાદીએ ખોટી પરિસ્થિતિનુબયાન કરેલ છે.સાચી હકીકત એ છે કે,વાદીના ભાગલાની ઉત્તર બાજુએ માલીકીના સર્વે નંબરો બામણીયા કનકાજી લક્ષ્મણજી તથા બામણીયા રમેશજી સોમાજી વિગરેનાઓની માલીકીની ખેતીની જમીનો આવેલી છે. જેથી વાડ પૂર્વ -પશ્ચિમ આવેલ છે.જે વાડની અંદર એટલે કે પક્ષકારોની તમામ ભાગલાઓ

તરફ ઉત્તરેમાત્ર ભાગલાઓના માલીકોને જવા આવવા માટેનો પૂવ પશ્ચિમ રસ્તો જમીન રાખી ત્યારથી આવેલ છે. જે રસ્તે થઈ પ્રતિવાદી નં. ૧ થી ૫ તથા વાદી અવરજવર કરે છે અને કરતા આવેલ છે.તોમના ખેતીવીષયક સાધનો ટ્રેકટર, ગાડુ વીગેરેપણ આ રસ્તે થઈ કાયમી અવરજવર કરે છે જે વાદી તથા સૌ કોઈની જાણમાં છે.પરંતુ વાદી તેમના ભાગલાના રસ્તામાં થઈને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણોસર તેમજ કેટલાક સામાજીક કારણોસર અવરજવરમાં રોક કરવાનુ અને અડચણો ઉભી કરવાનુ ચાલુ કરેલછે.તેમ કરી પ્રતિવાદી ન. ૧ થી ૫ ને વાદી અને તેમના પરીવારજનો ખોટી રીતે હેરાનપરેશાન કરી વર્ષોજૂનો રસ્તો માત્ર આ નંબરના ભાગીદારોનો આવેલ છે તે રસ્તો બંધ કરવાની ગેરકાનૂનીતજવીજ વાદીએ કરી આ ખોટો દાવો પ્રતિવાદી નં.૧ થી ૫ સામે દાખલ કરેલ છે. જેમકરવાનો વાદીનો કોઈજ કાનૂની હકક કે અધિકાર નથી જેથી વાદીનો દાવો રદ્દ કરવા અરજ કરેલ છે.

(૩) વાદીના દાવાની તથા પ્રતિવાદીઓના લેખીત જવાબની હકીકતો ધ્યાને લઈ, આ કેસનાં ન્યાયીક નિર્ણય માટે આ અદાલત તરફથી મારા પુરોગામીશ્રીએ આંક–૨૯ થી નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત કરેલા છે.

**–:: મુદ્દાઓ :: –**

૧. શું વાદી સાબિત કરે છે કે,વાદી તથા પ્રતિવાદી નં. ૧ તથા નં.૨ વાદીની માલીકીની મિલકતમાં વાદીને નુકસાન થાય તે રીતે નવો રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી રહેલ છે?

૨. શું પ્રતિવાદીઓ વાદીનો દાવો રદૃ હોવાને પાત્ર હોવાનુ સાબીત કરે છે ?

૩. શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનુ સાબીત કરે છે ?

૪. શું હુકમ અને શું હુકમનામું ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. હકારમાં

૪. આખરી હુકમ મુજબ

(૫) આ કામે વાદી પક્ષે નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**–

૧. વાદી તરફે સાહેદ નં.૧ પટેલ રંગાભાઈ છગનભાઈનું સરતપાસનું સોગંદનામું આંક : ૩૪

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**–

વાદી તરફે રજૂ કરેલ આક:૪ ના પુરાવાલીસ્ટથી નિ.૪/૧ થી સ.નં. ૬૫ નો ગામ નમૂનો નં. ૭/૧૨ અને ૮(અ) નો

ઉતારો તેમજ નિ. ૪/૨ થી સ.નં.૬૫ નો નકશો તલાટી કમ મંત્રીશ્રી માથાસુલીયાનો તેમજ નિ.૪/૩ થી સ.ન.૬૫ માં આવેલ વીજકનેકશનનુ અસલ બીલ તેમજ નિ.૪/૪ થી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓને તેઓના હીસ્સાની જમીનમાં જવા આવવા માટેનો હાલ હયાત રસ્તાના ફોટોગ્રાફ દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. આ ઉપરાંત , નિ.૧૦/૨ થી કોર્ટ કમીશ્નર ધ્વારા સ્થળસ્થિતિનુ પંચો રુબરુ કરવામાં આવેલ પચનામુ તેમજ નિ.૧૦/૩ થી કોર્ટ કમીશ્નર ધ્વારા સ્થળસ્થિતિનુ પંચો રુબરુ કરવામાં આવેલ નકશો વાદી તરફે દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. તેમજ વાદી તરફે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીશ આંક :૪૬ થી રજૂ કરેલ છે. વાદી તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી.

(૬) આ કામે પ્રતિવાદીઓ પક્ષે નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>–**

૧. પ્રતિવાદી સાહેદ નં.૧ પટેલ મથુરભાઈ છગનભાઈનું સરતપાસનું સોગંદનામું આંક : ૫૭

આ કામના પ્રતિવાદીઓ તરફે આંક: ૧૯ ના લેખીત જવાબ તથા

આંક:૫૭ ના સરતપાસના સોગંદનામા સિવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. આંક:૬૨ થી આ કામના પ્રતિવાદીઓ તરફે પુરાવો પૂરો કર્યાની કલોજીગ પૂરશીશ રજૂ કરેલ છે.

(૭) ત્યારબાદ વાદી તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ અને આંક:૭૦ થી લેખીત દલીલો રજૂ કરેલ છે, જેમાં જણાવેલ કે અમો વાદીના દાવાની હકીકત એવી છે કે મોજે અણદાપુર તા: મોડાસાની સીમ સર્વે નંબર ૬૫ ની ૩–૬૧–૪૦ હે.આરે.ચોમી વાળી જમીન અમો વાદી તથા આ કામના પ્રતિવાદીઓના નામે સંયુક્ત ખાતે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે સદર જમીન વાદી નંબર ૧ અને પ્રતિવાદી નંબર ૧ અને ૨ નાએ પ્રતિવાદી નં ૩ થી ૫ ના પિતા પાસેથી વેચાણ રાખેલી જેના સ્થળ ઉપર કુલ ચાર હિસ્સા પડેલ છે જેમાં ૧/૪ ભાગના હિસ્સાની જમીન પ્રતિવાદી નંબર ૩ થી ૫ ના હિસ્સાની છે .૧/૪ જમીન પ્રતિવાદી નંબર ૧ ના કિસ્સામાં આવેલ છે. ૧/૪ જમીન પ્રતિવાદી નંબર ૨ ના હિસ્સામાં આવેલ છે અને ૧/૪ જમીન અમો વાદીના હિસ્સામાં આવેલ છે વાદી અને પ્રતિવાદીઓનો પોત પોતાની ) હિસ્સાની જમીનનો કબજો ભોગવટો આવેલ છે વાદીના હિસ્સાની જમીનના હદ ખૂટની વિગત નીચે મુજબ છે. સર્વે નં ૬૫ પૈકીની અમો વાદીની ૧/૪ હિસ્સાની જમીનના હદ ખૂટની વિગત

પૂર્વે:– ફ્રેરેડી ગામનો સીમાડો (અમો વાદીની સર્વે નં.–૩૬૭ ની જમીન આવેલી છે)

પશ્ચિમે:– સર્વે નં.–૬૫ પૈકીની પ્રતિવાદી નં.–૨ ના હિસ્સાની જમીન આવેલી છે.

ઉત્તરે:– બામણીયા મંગુંબેન મગનભાઈ તથા મોજે માથાસુલીયાનો સર્વે નં.–૧૧૮ ની જમીન આવેલી છે.

દક્ષિણે:– સર્વે નં.–૬૫ પૈકીના પ્રતિવાદી નં.–૩ થી ૫ નાઓની જમીન આવેલ છે.

અમો વાદી અને પ્રતિવાદી નંબર ૧ અને ૨ ના હિસ્સાની ઉત્તરે વાદીના હિસ્સાને અડીને માથાસુલીયા થી ફરેડી જવાનો રસ્તો આવેલ છે અને સદર રસ્તાથી પૂર્વે વાદી તથા પ્રતિવાદી નંબર ૧ અને ૨ ના હિસ્સાનો ઉત્તર શેઢો પૂરો થાય પછી ઉત્તરે આવેલ જમીનમાં આવેલ રસ્તે થઈ વાદી અને પ્રતિવાદી નંબર ૧ અને ૨ પોતપોતાના હિસ્સાની જમીનમાં અવર–જવર કરે છે અને ખેતીના ઓજારો બળદ, ગાડું, ટ્રેક્ટર વિગેરે લઈ જાય છે પ્રતિવાદી નંબર ૧ અને ૨ તેમના હિસ્સાની જમીનમાં નવો કૂવો બનાવવાનું કામ ચાલુ કરેલ છે અને વાદીના હિસ્સાની જમીનમાં નવો રસ્તો બનાવી વાદીના હિસ્સાની જમીનના ઉતરે છેડે રસ્તાનો નવીન હક ઊભો કરવાના બદ આશયથી વાદીના હિસ્સાની અને પ્રતિવાદી નંબર ૨ ના જમીન વચ્ચે આવેલ ઉત્તર દક્ષિણ શેઢા સુધી પૂર્ણ કરી વાદીના હિસ્સાની જમીનમાં રસ્તો બનાવી દીધેલ છે અને વાદીના હિસ્સામાં ઉત્તર શેઢાને અડીને નવો રસ્તો બનાવે છે અને વાદીને ધમકીઓ આપે છે. વાદીની દાવાવાળી જમીનમાં વાદીના બોર ડીપી ખેતીમાં પાણી કરવા માટે છે પીવીસી પાઇપ લાઇનના એલ્બા ઓનું નુકસાન થાય તે રીતે વાદીની ખેતીની જમીનમાં વાદીના હક અધિકાર ને નુકસાન થાય તે રીતે પ્રતિવાદી નંબર ૧ અને ૨ નાઓ કોઈપણ પ્રકારના રસ્તાનો નવીન હક ઊભો કરવા કોઈ હક અધિકાર નથી તેવું જાહેર કરવા અને સદર દાવાવાળી જગ્યા વાળા અમો વાદીના હિસ્સામાં કોઈપણ પ્રકારનો નવો રસ્તો ઊભો કરે કે કરાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા સદર દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.અમો વાદીએ પ્રતિવાદી નંબર ૩ થી ૧૧ વિરુદ્ધ કોઈ દાદ માંગેલ આપ નામદાર કોર્ટે તારીખ ૨૬/૦૭/૨૦૨૨ ના રોજ અમો વાદીની આંક ૫ ની અરજી મંજૂર કરી નીચે મુજબ હુકમ કરેલ છે.

> વાદીની આંક ૫ ની અરજી મંજૂર કરવામાં આવે છે.

> પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ તેમજ તેમના માણસો , કોન્ટ્રાકટરો, એસાઈનીઓ એ વાદીના હિસ્સાની હદખૂટ વાળી દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારના રસ્તાનું કે અન્ય કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં કે કરાવવું નહીં તેવો દાવો ચાલતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં. ૧ અને ૨ ની વિરુદ્ધ ફરમાવવામાં આવે છે આમ અમો વાદીની આંક ૫ ની અરજી મંજૂર કરેલ છે.સદર દાવો દાખલ કરતા સમયે અમો વાદીએ આંક ૪ થી પરાવા રજૂ કરેલ છે આંક ૪ થી રજૂ કરેલ પુરાવા નીચે મુજબ છે.

૪/૧ – સર્વે નંબર ૬૫ નો ગામ નમુના નંબર ૭_૧૨ અને ૮ અ નો ઉતારો.

૪/૨ – સર્વે નંબર ૬૫ નો નકશો તલાટી કમ મંત્રી શ્રી માથાસુલીયા.

૪/૩ – સર્વે નંબર ૬૫ માં આવેલ વીજ કનેક્શન નું બિલ અસલ.

૪/૪ – પ્રતિવાદી નંબર ૧ અને ૨ નાઓએ તેઓના હિસ્સાની જમીનમાં જવા આવવા માટેનો હાલના હયાત રસ્તાના ફોટાગ્રાફ.

અમો વાદીએ આંક ૭ થી સ્થળ સ્થિતિનું પંચનામું કરવાની અરજી કરેલ છે જે કામે હુકમ થતા કોર્ટ કમિશનર શ્રી એ નિશાની ૧૦/૨ થી પંચનામું અને નિશાની ૧૦/૩ થી નકશો જેમાં વાદીના હિસ્સાની જમીનમાં પ્રતિવાદીઓ દ્વારા જોર જબરદસ્તીથી બનાવવામાં આવેલ તકરાર વાળા રસ્તા નો અને સદર સર્વે નંબર ૬૫ થી ઉત્તરના શેઢાને અડીને આવેલ માથાસુલિયા થી ફરેડી જવાનો રસ્તો આવ્યો હોવાનું દર્શાવવામાં આવેલ છે. ત્યારબાદ નામદાર કોર્ટે આંક૨૯ થી મુદ્ધા ફ્રેમ કરેલ છે. સદર દાવાના કામે અમો વાદી અમારો દાવો નિશંક પણે સાબિત કરેલ છે. અમો વાદીએ સદર દાવાના કામે નિશાની ૪/૨ થી રજૂ કરેલ તલાટી કમ મંત્રીની સહી સિક્કા વાળો નકશો જોવામાં આવે તો અમારા સર્વે નંબર ૬૫ જેનો જુનો સર્વે નંબર ૧૨૮ છે તેની ઉત્તરે સ્પષ્ટપણે રસ્તો દર્શાવવામાં આવેલ છે. સદર હકીકત આ કામે રજૂ થયેલ નિશાની ૧૦/૨ વાળા પંચનામા અને નિશાની ૧૦/૩ થી રજૂ થયેલ નકશા ની પણ સાબિત થાય છે તમોએ આંક ૫૭ થી આ કામે ના પ્રતિવાદી નંબર ૧ ને તપાસેલ છે સદર કામેની તેમની ઉલટ તપાસ જોતા તેમણે પણ માનેલ છે કે સદર સર્વે નંબર ૬૫ અમારા સદર સર્વે નંબર ૬૫ ની ઉત્તરે માથાસુલીયા જવાનો રસ્તો આવેલ છે અને પ્રતિવાદીઓ સદર રસ્તા નો ઉપયોગ કરી તેમના ખેતરોમાં જાય છે અને સદર રસ્તે થઈ જતા આ કામેના પ્રતિવાદીઓને અમોએ આજ દિન સુધી રોકેલ નથી અને એ વાત પણ માનેલ છે કે રંગાભાઈ છગનભાઈ ના ખેતરમાંથી પસાર થતો હોય તેવું કોઈ રસ્તો સ્થળ ઉપર નથી. આ કામે ના પ્રતિવાદીનો જવાબ જોવામાં આવે તો સ્પષ્ટપણે જણાવી આવે છે કે તેમને હિસ્સાઓ બાબતે કોઈ તકરાર નથી ના તો તેમને તેમના સોગંદનામાં તે અંગે કોઈ તકરાર લીધેલ છે. આ કામેના પ્રતિવાદી ઉત્તરના શેઢે આવેલ વાડની ઉત્તરે માથાસુલીયા તરફ જવાનો રસ્તો કે જેનો ઉપયોગ અમો વાદી અને પ્રતિવાદીઓ વર્ષોથી કરતા આવેલ છીએ તે હયાત હોવા છતાં વાડની અંદરની બાજુ અમારા હિસ્સામાં ખોટી રીતે નવો રસ્તો ઊભો કરવા માંગે છે. અમારા હિસ્સામાં પૂરણ કરી નવો રસ્તો ઊભો કરતા હોવાની હકીકત આંક ૧૦થી રજૂ થયેલ પંચનામાં સ્પષ્ટપણે જણાઈ આવે છે અને આ કામેના પ્રતિવાદીઓ અમારા હિસ્સાની જમીનમાં નવીન રસ્તો ઊભો કરતા હોવાનું નામદાર કોર્ટ આંક ૫ ની અરજી નીચે કરેલ હુકમમાં

પણ માનેલ છે. સદર આંક ૫ નો હુકમ કરતી વખતે નામદાર કોર્ટ એ પણ માનેલ છે કે વાદીના હિસ્સે આવેલ જમીન અને પ્રતિવાદી ના હિસ્સામાં આવેલ જમીન બાબતે કોઈ તકરાર ન હોવાનું અને કોર્ટ કમિશનર દ્ધારા કરવામાં આવેલ ૧૦/૩ ના નકશામાં વાદીના હિસ્સાની જમીનમાં ઘઉંની વાવણી થયેલાનું બોર હોવાનું ઈલેક્ટ્રીક વાયરો તેમજ પાઈપ હોવાનું જણાઈ આવતું હોવાનું અને અમોવાદીના હિસ્સાની જમીનમાં નવીન રસ્તો તાજો પૂરણ કામ કરેલ હોવાનું જણાઈ આવતું હોવાનું અને પ્રતિવાદી નંબર ૧ અને ૨ અમોવાદીના હિસ્સાની જમીનમાં નવીન રસ્તો બનાવતા હોવાનું સ્પષ્ટ પણે જણાઈ આવતું હોવાનું અને જો આવો નવીન રસ્તો બને તો વાદીને નાણામાં આંકી ન શકાય તેવું નુકસાન થાય તેમ હોવાનું માની અમારી અરજી મંજૂર કરેલ નામદાર કોર્ટનો સદર ઓબ્ઝર્વેશન વિરુદ્ધ અને સ્થળ સ્થિતિની હકીકત વિરુદ્ધ કોઈ જ પુરાવો આ કામેના પ્રતિવાદી રજૂ કરી શકેલ નથી અને અમોવાદીએ અમારા દાવામાં જણાવેલ હકીકતો રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા અને પ્રતિવાદીની જુબાનીથી સ્પષ્ટપણે સાબિત થાય છે અને પ્રતિવાદીઓ ખોટી રીતે તેમને જવા આવવાનો રસ્તો હોવા છતાં ખોટી રીતે અમોવાદીને હેરાન કરવાના આશયથી નવીન રસ્તો ઉભો કરી રહેલ હોય સદર દાવો કરેલ છે. આમ જ્યારે સ્થળ ઉપર અમો વાદીના હિસ્સાને અડીને ઉત્તરના શેઢાની ઉત્તરે પ્રતિવાદીઓના ખેતરમાં જવાનો માથાસુલિયા તરફ જતો રસ્તો આવેલ હોવા છતાં સદર માથાસુલીયા તરફ જતો રસ્તે થઈ આવા જવામાં અમો પ્રતિવાદીઓને કોઈ અડચણ કરતા ન હોય છતાં પ્રતિવાદીઓ ખોટી રીતે અમોવાદીના હિસ્સામાં અમારા બોર્ડ ઈલેક્ટ્રીક વાયરો પાઇપ વગેરે આવ્યો હોવા છતાં તેની નુકસાન કરી ચેન કેન પ્રકારે નવીન હક ઊભો કરવાના આશયથી નવો રસ્તો બનાવતા હોય સદર દાવો દાખલ થયેલ હોવાનું અમોવાદીના હિસ્સામાં નવો રસ્તો ઊભો કરવાનો પ્રતિવાદીને કોઈ હક કે અધિકાર ન હોવાનું સાબિત કરેલ છે જેથી સદર દાવાના કામે અમોવાદીએ માંગેલ દાદ મંજૂર કરી અમારો દાવો મંજૂર કરવા તેમજ તે મુજબનું હુકમનામું કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે.

(૭/૨) જયારે આ કામના પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી પી.એ. ઉપાધ્યાયે દલીલો કરી જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૫ તરફે આક: ૧૯ થી વાદીના દાવાનો લેખીત જવાબ રજૂ કરેલ છે અને તેના સમર્થનમાં આક:૫૭ થી પટેલ મથુરભાઈ છગનભાઈનુ સરતપાસનુ સોગદનામુ રજૂ કરવામાં આવેલ છે વધુમાં

વાદીનો દાવો મટીરીયલ્સ સપ્રેશનથી કરેલ હોય તેમજ વાદીએ માલાફાઈડ ઈરાદાસર પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કત–રસ્તા પરત્વેનો કાનુની હકક ડુબાડવાના એકમાત્ર બદઆશયથી દાવો કરેલ હોય તેમજ વાદીના દાવાને રેવન્યુ જયુરીડીકશન ,મીસજોઈન્ડર ઓફ પાર્ટીઝનો ,નોન જોઈન્ડર ઓફ પાટીઝનો બાધ નડતો હોય તેમજ વાદીએ દાવો અપૂરતા સ્ટેમ્પથી રજૂ કરેલો હોવાથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે વધુમાં વાદીના ભાગલાની ઉત્તર બાજુએ માલીકીના સર્વે નંબરો બામણીયા કનકાજી લક્ષ્મણજી તથા બામણીયા રમેશજી સોમાજી વિગરેનાઓની માલીકીની ખેતીની જમીનો આવેલી છે. જેથી વાડ પૂર્વ –પશ્ચિમ આવેલ છે.જે વાડની અંદર એટલે કે પક્ષકારોની તમામ ભાગલાઓ તરફ ઉત્તરેમાત્ર ભાગલાઓના માલીકોને જવા આવવા માટેનો પૂવ પશ્ચિમ રસ્તો જમીન રાખી ત્યારથી આવેલ છે. જે રસ્તે થઈ પ્રતિવાદી નં. ૧ થી ૫ તથા વાદી અવરજવર કરે છે અને કરતા આવેલ છે.તોમના ખેતીવીષયક સાધનો ટ્રેકટર, ગાડુ વીગેરે પણ આ રસ્તે થઈ કાયમી અવરજવર કરે છે જે વાદી તથા સૌ કોઈની જાણમાં છે.પરંતુ વાદી તેમના ભાગલાના રસ્તામાં થઈને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણોસર તેમજ કેટલાક સામાજીક કારણોસર અવરજવરમાં રોક કરવાનુ અને અડચણો ઉભી કરવાનુ ચાલુ કરેલછે.તેમ કરી પ્રતિવાદી ન. ૧ થી ૫ ને વાદી અને તેમના પરીવારજનો ખોટી રીતે હેરાનપરેશાન કરી વર્ષોજૂનો રસ્તો માત્ર આ નંબરના ભાગીદારોનો આવેલ છે તે રસ્તો

બંધ કરવાની ગેરકાનૂની તજવીજ વાદીએ કરી  આ ખોટો દાવો પ્રતિવાદી નં.૧ થી ૫ સામે દાખલ કરેલ છે.તેમજ જણાવેલ કે પ્રતિવાદી નવો હકક દાવાવાળી જગ્યામાં મેળવવાનો પ્રયત્ન કરેલ નથી તેમજ આ બાબતે ઉલટતપાસમાં કોઈ હકીકત લાવવામાં આવેલ નથી. તેમજ રેવન્યુ રેકર્ડમાં રસ્તો જુદો પડેલ હોવાનો પુરાવો રજુ થયેલ છે.વધુમાં પંચનામુ જોતાં પોત પોતાના ખેતર જવાનો રસ્તો આવેલ છે.તેમજ પક્ષકારોને જોડેલ નથી.પરંતુ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ને ખોટી રીતે જોડેલ છે.આ કામના દાવાનુ કોઈ કારણ ઉપસ્થીત થતુ નથી.આમ,ઘણી બધી દલીલો કરી જણાવેલ કે વાદીઓ પોતાના દાવાની હકીકતોને પુરવાર કરી શકેલ નથી.જેથી દાવો નામંજુર કરવાની નમ્ર વિનંતી કરેલ.

(૮) આ કામે ઉપરોકત મુદાઓનાં નિર્ણયોનાં કારણોની ચર્ચા નીચે મુજબ છે.

**-: કારણો :-**

**મુદા નં. ૧ થી ૪ :-**

આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન ના સિદ્ધાંતો ધ્યાને લેતા, જે હકીકત પ્લીડિંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકતોનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈઓ તથા દીવાની પ્રક્રિયા સંહિતાની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદી એ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન

હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડિંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર ન રાખી શકાય.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રકરણ –૭ માં કલમ –૧૦૧ માં સાબિતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા નીચે મુજબ છે.

કલમ –૧૦૧ : કોઈપણ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના  આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે.

૮.૧) ઉપરોકત કલમ વંચાણે લેતા વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદી એ વિધાનો વિરુદ્ધ કબુલ કર્યા હોય, ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આ હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો,તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે.નામદાર સુપ્રીમ કોર્ટે,ANIL RISHIV/s GURBAKSH SINGH, AIR 2006 SC 1971 ના ચુકાદામાં ઠરાવેલ છે કે, કલમ – ૧૦૧ ની પ્રાથમિક નિયમ અપરિવર્તનશીલ છે અને આ આરંભિક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનું તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હક્કદાર હોવાનું સાબીત કરે, ત્યારે તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે.વધુમાં,AGRICULTURE PRODUCE MARKET COMMITTEE V/s BHANDERI DHIRUBHAI NARSHIBHAI, 2008 (2)GLR 1153 ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે

કે, પ્લીડિંગમાં દર્શાવેલી હકીકત તે અંગે પુરાવો રજુ કર્યા સિવાય સાબિત માની શકાય નહી. સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, દાવા અરજી કે દાવા જવાબમાં કોઈપણ હકીકત જણાવેલ હોય, પણ જ્યાં સુધી તે હકીકતો મોખિક પુરવામાં અદાલત સમક્ષ સોગંદ ઉપર જણાવવામાં ન આવે ત્યાં સુધી તે હકીકતો પુરાવાનો ભાગ બની શકે નહિ કે તે હકીકતો અદાલત ધ્યાનમાં લઈ શકે નહિ કારણકે દાવા અરજી કે દાવા જવાબ પોતે કોઈ પુરાવો નથી. આમ, ઉપરોક્ત ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો તથા કેસ હકીકતને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે ઉપરોકત મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૪ ની હકીકતો એકબીજાને સંલગ્ન હોઈ વારંવાર ચર્ચાનુ પુનરાવર્તન ન કરતાં ઉપરોકત તમામ મુદાઓની ભેગી એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૯) આ કામે વાદીનાં દાવા અરજીની હકીકતો તથા વાદી તરફેનો રજૂ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં,વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૧૮, રુલ–૪ મુજબ સાહેદ નં.૧ પટેલ રંગાભાઈ છગનભાઈનું સરતપાસનું સોગંદનામુ આંક–૩૪ થી રજુ કરેલ છે,જેમાં વાદી સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, મોજે અણદાપુર,તા.મોડાસાની સીમના નવા સર્વે નં.૬૫ ની ૩–૬૧–૪૦ હે.આરે.ચો.મી.વાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના નામે સંયુકત ખાતે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે. સદર જમીન વાદી નં. ૧ અને પ્રતિવાદી નં.૧ અને ૨ અને પટેલ વાલાભાઈ પુજાભાઈ એટલે કે પ્રતિવાદી નં.૩ થી ૫ ના પિતાના સંયુકત રીતે માંનાભાઈ લેબાભાઈ ,રહે.માથાસુરીયા નાઓ પાસેથી વેચાણ રાખેલી હતી.જેના સ્થળ ઉપર કુલ ચાર હિસ્સા પડેલા. જેમાં ૧/૪ ભાગના હિસ્સાની જમીન પ્રતિવાદી નં.૩ થી ૫ ના હિસ્સાની છે.

૧/૪ જમીન પ્રતિવાદી નં.૧ ના હિસ્સામાં આવેલ છે. ૧/૪ જમીન પ્રતિવાદી નં.૨ના હિસ્સામાં આવેલ છે અને ૧/૪ જમીન વાદીના હિસ્સામાં આવેલ છે. વાદીએ રેવન્યુ રેકર્ડે હયાતીમાં વારસાઈ કરાવતાં ગામ નમૂના નં. ૬ મા નોધ ન. ૧૦૨૩ થી સીધી લીટીના વારસદારો તરીકે વાદીના પત્ની, પુત્રીઓ, અને પુત્રનુ નામ દાખલ કરાવેલ છે.વાદી અને પ્રતિવાદીઓનો પોતપોતાના હીસ્સાની જમીનનો કબજો ભોગવટો આવેલ છે. પ્રતિવાદી નં. ૩ થીપ નાઓ સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે સંયુકત ખાતેદાર છે તેથી દાવાને પક્ષકારનો બાદ ના આવે તે માટે તેઓને ફોરમલ પક્ષકાર તરીકે જોડેલ છે આમ, પ્રતિવાદી નંફ ૩ થી ૧૧ વ્રિુધ્ધ કોઈ દાદ માગેલ નથી. વાદીના વીવાદવાળા સ.નં.૬૫ પૈકીની ૧/૪ હીસ્સાની જમીનના હદખૂંટની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : ફરેડી ગામનો સીમાડો (વાદીની સર્વે નં.૩૬૭ ની જમીન આવેલ છે.)
પશ્ચિમે:સર્વે નં.૬૫ પૈકીની પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની જમીન આવેલી છે.
ઉત્તરે :બામણીયા મંગુબેન મગનભાઈ તથા મોજે માથાસુલીયાનો સર્વે નં. ૧૧૮ ની જમીન આવેલી છે.
દક્ષિણ :સર્વે નં. ૬૫ પૈકીના પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓની જમીન આવેલ છે.

સદર સર્વે નંબરમાં પૂર્વ પશ્ચિમ શેઢો નાખી વાદી અને પ્રતિવાદી નં .૧ અને ૨ નાઓએ અને પ્રતિવાદી નં. ૩ થી ૫ નાઓએ હિસ્સા પાડેલા છે.સદર જમીનના દક્ષીણ તરફ પ્રતિ.નં.૩ થી ૫ નાઓની ૧/૪ હિસ્સા મુજબની જમીન આવેલ છે અને સદર પૂર્વ પશ્ચિમ શેઢાની ઉત્તરે વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ ની જમીન આવેલ છે. તેમના હીસ્સે આવેલ જમીનમાં વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વચ્ચે સમજૂતીથી વહેંચણી થતાં પ્ર

તિવાદી નં. ૩ થી ૫ ની જમીનના ઉત્તર તરફ પૂર્વ પશ્ચિમ આવેલ શેઢ ે ઉત્તર દક્ષીણ શેઢા નાખી સ્થળ ઉપર ત્રણ હીસ્સા કરેલ છે.જે હીસ્સાઓ પૈકી પશ્ચિમ તરફનો હીસ્સોપ્રતીવાદી નં.૧ ના નામે ગયેલ છે અને તે હીસ્સાને અડીન. આવેલ બીજો વચ્ચેનો હીસ્સો પ્રતિવાદી નં.૨ નાનજીભાઈ છગનભાઈના હીસ્સે ગયેલ છે અને પૂર્વના શેઢાને અડીન. એટલે કે પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની પૂર્વે આવેલ હીસ્સો વાદીના ભાગે આવેલ છે. વાદી અને પ્ર તિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાની ઉત્તરે વાદીના હીસ્સાને અડીને માથાસુલીયાથી ફરેડી જવાનો રસ્તો આવેલ છે અને સદર રસ્તાથી પુર્વે વાદી તથા પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાનો ઉત્તર શેઢો પુરો થયા પછી ઉત્તરે આવેલ જમીનમાં આવેલ રસ્તે થઈ વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ પોતપોતાના હીસ્સાની જમીનમાં અવરજવર કરે છે અને ખેતીના ઓજારો, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લઈ જાય છે.વાદી વધુમાં જણાવે છે કે, વાદીના હીસ્સાની જમીનને બીલકુલ અડીને સ.નં. ૩૬૭ ની તેમની માલીકીની જમીન આવેલ છે અને સદર દાવાવાળી જમીનની ઉત્તરે પૂર્વ થઈ સ.નં. ૬૫ ના ઉત્તરે થઈ ફરેડીથી માથાસુરીયા જવાનો રસ્તો પસાર થાય છે. સદર રસ્તે થઈ ફરેડીથી માથાસુરીયા જવાય છે જે રસ્તો સ.નં.૬૫ ના ઉત્તર તરફના શેઢે અડીને પૂવૃ પશ્ચિમ તરફ પસાર થાય છે.વર્ષોથી આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ તેઓના ભાગની જમીનમાં જવા આવવા માટે આ જ રસ્તાનો ઉપયોગ કરતા આવેલ છે.પ્રતિવાદી નં.૧ અને ૨ તેમના હીસ્સાની જમીનમાં નવો કુવો બનાવવાનું ચાલુ કરેલ છે અને છેલ્લા એક અઠવાડીયાથી કૂવાના ખોદકામ દરમ્યાન નીકળતી માટી(ગાયણ)થી

તેઓના હીસ્સાનીજ મીનમાં પુરણ કરી સદર સ.નં. ૬૫ માંના વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાની ઉત્તરે ।થઈ પસાર થતાં ફરેડીથી માથાસુલીયા જવાનો રસ્તાને અડીને દક્ષીણ તરફ વાદીના હીસ્સાની જમીનમાં નવો રસ્તો બનાવી વાદીના હીસ્સાની જમીનના ઉત્તર શેઢે રસ્તાનો નવીન હકક ઉભો કરવાના બદઆશયથી વાદીના હીસ્સાની અને પ્રતિવાદી નં.૨ ના જમીન વચ્ચે આવેલ ઉત્તર–દક્ષિણ શેઢા સુધી પુરણ કરી વાદી નં.૨ ના હીસ્સાની જમીનમાં રસ્તો બનાવી દીધેલ છે અને વાદીના હીસ્સાની ઉત્તર શેઢાની જમીનમાંથી સદર રસ્તો પસાર કરવાના રસ્તાનો માટીકામ કરવાની વાદીને ધમકીઓ આપી રહેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ સદર રસ્તો તેમના હીસસામાંથી પસાર કરવા માગે છે અને તેઓને સદર રસ્તો તેમના હીસ્સાની જમીનમાંથી પસાર કરવા દેવા ધમકીઓ આપી તેમના ઉપર દબાણ કરી રહેલ છે. પરંતુ પ્રતિ.નં.૧ અને ૨ નાઓ સદર રસ્તો જયાંથી પસાર કરવા માગે છે ત્યાં વાદીનુ ઘઉનુ વાવેતર કરેલુ છે અન. વાદીની માલીકીનો આ જગ્યાએ પાણીનો બોર આવેલ છે અને વીજ કનેકશન માટેની ડીપી અને પાકી પી.વી.સી. પાઈપલાઈન અને ખેતરમાં પાણી છોડવા (પિયત) કરવા માટેના એલ્બા આવેલ છે. ીદર જમીન તેમના માટે ખૂબજ ઉપયોગી છે અને પ્રતિવાદી નં.૧ ૨ નાઓએ તેમના હીસ્સામાં જે જગ્યાએ રસ્તો બનાવેલ છે ત્યાં ફાજલ ખાડાવાળી જમીન હતી જયારે તેમના હીસ્સાવાળી જમીન ઉપજાઉ અને ઉપયોગી છે.પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ જયાં રસ્તો બનાવવાની તજવીજ કરી રહેલ છે તેની અડીને ઉત્તર તરફ ફરેડીથી માથાસૂલીયા

જતો સદર સર્વે નં. ૬૫ ના ઉત્તર શેઢે અડીને પસાર થતો સ.નં. ૬૫ માના પ્રતિવાદી નં.૧ , ૨ ના હીસ્સામાં આવવા જવા માટેનો મૂળ રસ્તો આવેલ છે અને જે હાલ પણ ચાલુ હાલતમાં છે અને ત્યાં થઈ આજે પણ ફરેડી અને માથાસૂલીયાના લોકો અને સદર કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ અવરજવર કરવા અને ખેતીના સાધનો ગાડા ટ્રેકટર વગેરે લઈ જવા ઉપયોગક રે છે આમ ઉપર મુજબની હકીકતે સ્થળ ઉપર રસ્તો હોવાછતાં સદર કામના પ્ર તિવાદી નં. ૧ અને ૨ નાઓ વાદીને હેરાનપરેશાન કરવાના એકમાત્ર બદઆશયથી એકબીજા સાથે ભળમકી જઈ વાદીના ઉભા પાકને, સ્થળ ઉપર આવેલા પાણીના બોરને, તેમની પાઈપલાઈનને, અને ખેતરમાં પાણી આપવાના એલબાઓને નુકસાન થાય તે રીતે નવો રસ્તો બનાવવા પુરજોશથી પ્રયત્ન કરી રહેલ છે. જેથી દાવા અરજીના પેરા નં.૯ માં દાવાનુ કારણ જણાવી સદર દાવો કરી એવી દાદ માગેલ છે કે, (અ) દાવાના પેરા નં .૨ મા વર્ણવેલ ખૂંટ ચારના વર્ણન વચ્ચેની વાદીની દાવાવાળી જમીન મોજે: અણદાપુર, તા.મોડાસા ના સ.નં. ૬૫ પૈકી ૧/૪ ના ઉત્તર તરફે આવેલ વાદીના બોરકુવાને,ડીપીને, ખેતીમાં પાણી પિયત કરવા માટે આવેલ પી.વી.સી.પાઈપ લાઈનને, એલ્બાઓને નુકશાન થાય તે રીતે તેમજ ખૂંટ ૪ વચ્ચેના વર્ણન વચ્ચેથી વાદીની ખેતીની જમીનના કોઈપણ ખૂણામાંની જમીનમાં થઈ તેમજ તેમના કોઈપણ પ્રકારના વાદીના હકક અધિકારને નુકશાન થાય તે રીતે દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ કોઈપણ પ્રકારના રસ્તાનો નવીન હકક ઉભો કરવાનો અધીકાર નથી તેવુ જાહેર કરવા તેમજ (બ) સદર કામના પ્રતિવાદી નં. ૧ અન. ૨

નાઓ સ.નં. ૬૫ ક્ષેત્રફળ ૩–૬૧–૪૦ વાળી જમીન પૈકી વાદીના દાવાના પેરા નં. ૨ મા જણાવેલ ખૂંટ ૪ વચ્ચેના વર્ણનવાળી જમીનમાં આવેલ તેમના બોર, ઉભા પાક, વીજકનેકશન માટેની ડીપી, પિયત માટેની તેમની પીવીસી લાઈન અને તેના એલ્બાઓને નુકસાન થાય તે રીતે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ ઘ્વારા હાલ કે ભવીષ્યમાં રસ્તો બનાવે કે બનાવડાવે નહી તેવો કાયમી જાથુનો મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.વધુમાં સદર દાવાના કામે તા. ૭/૨/૨૧ ના રોજ કોર્ટ કમીશ્નર ઘ્વારા સ્થળસ્થિતિનુ વીગતવારનુ પંચનામુ થયેલ છે અને સદર પંચનામાથી વાદીની સદર દાવાવાળી જગ્યા ઉપર પ્રતિવાદીઓ નવો રસ્તો બનાવતા હોવાનુ પ્રસ્થાપીત થાય છે. અને સદર દાવાના કામે તા. ૨૬/૭/૨૨ ના રોજ આકામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓએ વાદીના હીસ્સાની હદખૂંટવાળી દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારના રસ્તાનું કે અન્ય કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં કે કરાવવું નહીં તેવો દાવો ચાલતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧ અને ૨ ની વિરુઘ્ધમાં ફરમાવવામાં આવેલ છે. આ ઉપમરાંત વાદી તરફે રજૂ કરેલ આક:૪ ના પુરાવાલીસ્ટથી નિ.૪/૧ થી સ.નં. ૬૫ નો ગામ નમૂનો નં. ૭/૧૨ અને ૮(અ) નો ઉતારો તેમજ નિ. ૪/૨ થી સ.નં.૬૫ નો નકશો તલાટી કમ મંત્રીશ્રી માથાસુલીયાનો તેમજ નિ.૪/૩ થી સ.ન.૬૫ માં આવેલ વીજકનેકશનનુ અસલ બીલ તેમજ નિ.૪/૪ થી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓને તેઓના હીસ્સાની જમીનમાં જવા આવવા માટેનો હાલ હયાત

રસ્તાના ફોટોગ્રાફ દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. આ ઉપરાંત , નિ.૧૦/૨ થી કોર્ટ કમીશ્નર ધ્વારા સ્થળસ્થિતિનુ પંચો રુબરુ કરવામાં આવેલ પચનામુ તેમજ નિ.૧૦/૩ થી કોર્ટ કમીશ્નર ધ્વારા સ્થળસ્થિતિનુ પંચો રુબરુ કરવામાં આવેલ નકશો વાદી તરફે દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. તેમજ વાદી તરફે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીશ આંક : ૪૬ થી રજૂ કરેલ છે. વાદી તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી.

ત્યારબાદ સદર વાદી સાહેદની આ કામના પ્રતિવાદીઓના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે. જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,દાવાના તમામ પક્ષકારો એકજ પરીવારના સભ્યો છે તેમજ તેમની ખેતીની જમીન અલગ અલગ ભાગ અલગ અલગ ભાઈઓના ભાગે આવેલ છે તેમજ તેઓ અલગ અલગ ભાઈઓ ખેતી કરી ઉત્પાદનલે છે તે બાબતે તેમને કોઈ તકરાર નથી. વાદી વધુ ઉલટતપાસમાં એ હકીકતો કબુલ રાખેલ છે કે, તેઓએ ભાઈઓએ જયારથી જમીન રાખેલ તયારથી જે રસ્તાઓ આવેલ છે તે રસ્તાઓ પર પોતપોતાના ભાગોમાં ખેતીના સાધનો લઈ અવરજવર કરતા આવેલ છે તેમજ તેઓ પક્ષકારો જે રસ્તે થઈ તેમનાપોતપોતાના ખેતરોમાં અવરજવર કરે છે તે રસ્તાઓ ગામના નકશામાંબ તાવેલન થી તેમજ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,એકત્રીકરણ આવેલ તે પહેલાં ૧૯૭૦ પહેલાં આ રસ્તા ગામના નકશામાં બતાવેલછે તેમજ એકત્રીકરણ આવેલ તેપ હેલાં ૧૯૭૦ પહેલાં આ રસ્તા ગામના નકશામાંબ તાવેલ તેબ તાવતો કોઈ આધાર પુરાવો તેમણે આ કામેર જુ કરેલ નથી તેમજ તેમને સમય આપવામાં

આવે તો પણ તેઓ રજુક રવા તૈયાર નથી તેમજ ૧૯૭૦ પહેલાં તેઓ ભાઈઓ તેમના ખેતરોમાં અવરજવર કરે છે તે રસ્તાઓ ગામના નકશામાંબ તાવેલ નથી તેમજ તેઓ હાલ પણ તેમના ખેતરોમાં વર્ષોથી ચાલતી રીત મુજબ શાંતીથી અવરજવર કરે છે તેમજ પ્રતિવાદીઓ તેમના ભાઈઓ તેઓ તેમના ખેતરમાં શાંતીમય રીતે અવરજવર કરે છે તે બાબતે કોઈ અટકાયત કે રુકાવટ કરતા નથી તેમજ દાવો થયો તે અરસામાં તેમના ભાઈઓ પ્ર તિવાદીઓ સાથે તેમને સામાજીક સંબઘો અને બોલવાનો વ્યવહાર રહેલ નથી તેમજ પ્રતિવાદીઓએ બોર, ડીપી, પી.વી.સી.લાઈન તથા એલ્બાઓને કોઈ નુકસાન કરેલ હોય તે બાબતે તેમણે કોઈ ફરીયાદ તેઓએ પોલીસમાંક રેલ નથી તેમજ તેઓએ નામદાર કોર્ટ કમીશ્નર મારફતે દાવાવાળી જમીનનુ પં ચનામુ કરાવેલ છે સદર પંચનામાની વીગતો તેમનીત થા પંચોની હાજરીમાં લખાવેલ છે તેમજ કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ પં ચનામુ સાચુ અને ખરુ છે તે તમામ હકીકતો કબુલ રાખેલ છે. વઘુમાં એ વાત ખરી છે કે, મે જણાવેલ તકરારની તારીખોએ પોલીસમાં તેઓએ કોઈ ફરીયાદ પ્રતિવાદીઓ વીરુઘ્ઘ કરેલ નથી. વઘુમાં વાદી સાહેદની આ કામના પ્ર તિવાદીઓના વિ.વકીલશ્રીએ વઘુ ઉલટતપાસ લીઘેલ છે જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ચાલુ સીઝનમાં તેમણે તેમના ખેતરમાં વાવેતર કરેલુ ,તે વાવેતર તેમના ટ્રેકટર, હળ,બળદ મારફતે કરેલ છે તેમજ વર્ષોથી જેરસ્તો આવેલ છે તે રસ્તા પર થઈ તેમણે તેમના ખેતરમાં વાવેતર કરેલુ તેમજ આ કામમાં પ્રતિવાદીઓએ કોઈપણ પ્રકારની રુકાવટ કરેલ નથી તેમજ પ્રતિવાદીઓએ તેઓને ઘમકીઓ આપેલ હોવાની ચોકકસ

તારીખ અને વાર તેઓને ખબર નથી તેમજ ધમકી બાબતે તેઓએ કોઈ પોલીસ કેસ કરેલ નથી તેમજ તેઓએ જમીન વેચાતીર ાખેલ હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુક રેલ નથી તેમજ આ કોર્ટમાં દાવો કરતાંપ હેલાં મામલતદાર કોર્ટમાં કલમ–૫ મુજબનો દાવો કરેલ નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૦) ત્યારબાદ વાદી તરફેનો પુરાવો પુરો થયા બાદ સદર કામ પ્રતિવાદીઓ તરફેના પુરાવા પર રાખવામાં આવેલ.આ કામના પ્રતિવાદીઓ તરફે પ્રતિવાદી પટેલ મથુરભાઈ છગનભાઈ આંક:૫૭ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ નામ.કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે. જે ધ્યાને વંચાણે લઈએ તો તેઓએ વાદીના દાવાના પેરા નં.૧ થી ૯ ની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને દાવાની તમામ હકીકતો તદ્દન ખોટી હોય અને તેઓને કબુલ કર્યા સીવાયની અને બંધનકર્તા ન હોવાનુ જણાવે છે.વાદીપ્રતિવાદીઓ વિરુધ્ધ કોઈ દાદ માગી કે મેળવી શકતા ન હોવાનુ જણાવે છે. વધુમાં વાદીનો દાવો મટીરીયલ્સ સપ્રેશનથી કરેલ હોય તેમજ વાદીએ માલાફાઈડ ઈરાદાસર પ્રતિવાદીઓનો દાવાવાળી મિલ્કત–રસ્તા પરત્વેનો કાનુની હકક ડુબાડવાના એકમાત્ર બદઆશયથી દાવો કરેલ હોય તેમજ વાદીના દાવાને રેવન્યુ જ્યુરીડીકશન ,મીસજોઈન્ડર ઓફ પાર્ટીઝનો ,નોન જોઈન્ડર ઓફ પાટીઝનો બાધ નડતો હોય તેમજ વાદીએ દાવો અપૂરતા સ્ટેમ્પથી રજૂ કરેલો હોવાથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે.આમ,પ્રતિવાદી નં.૧

થી ૫ નાએ આંક–૧૯ થી તેમના જવાબમાં વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણસર તેમજ સામાન્ય કારણસર અવરજવરમાં રોકવાની અને અડચણ ઉભી કરવાનું વાદીએ ચાલુ કરેલ છે. વાદીને તેમ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. વધુમાં પ્રતિવાદીઓ દાવા જવાબના પોતાના પેરા નં.૨૩ માં સત્ય હકીકતો એ છે કે,દાવાના કામે વાદીએ ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટો દાવો કરેલ છે.દાવામાં જણાવ્યા મુજબની સ્થળસ્થિતિ નથી.વાદીએ ખોટી પરિસ્થિતિનુબયાન કરેલ છે.સાચી હકીકત એ છે કે,વાદીના ભાગલાની ઉત્તર બાજુએ માલીકીના સર્વે નંબરો બામણીયા કનકાજી લક્ષ્મણજી તથા બામણીયા રમેશજી સોમાજી વિગરેનાઓની માલીકીની ખેતીની જમીનો આવેલી છે. જેથી વાડ પૂર્વ –પશ્ચિમ આવેલ છે.જે વાડની અંદર એટલે કે પક્ષકારોની તમામ ભાગલાઓ તરફ ઉત્તરેમાત્ર ભાગલાઓના માલીકોને જવા આવવા માટેનો પૂવ પશ્ચિમ રસ્તો જમીન રાખી ત્યારથી આવેલ છે. જે રસ્તે થઈ પ્રતિવાદી નં. ૧ થી ૫ તથા વાદી અવરજવર કરે છે અને કરતા આવેલ છે.તોમના ખેતીવીષયક સાધનો ટ્રેકટર, ગાડુ વીગેરેપણ આ રસ્તે થઈ કાયમી અવરજવર કરે છે જે વાદી તથા સૌ કોઈની જાણમાં છે.પરંતુ વાદી તેમના ભાગલાના રસ્તામાં થઈને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણોસર તેમજ કેટલાક સામાજીક કારણોસર અવરજવરમાં રોક કરવાનુ અને અડચણો ઉભી કરવાનુ ચાલુ કરેલછે.તેમ કરી પ્રતિવાદી ન. ૧ થી

૫ ને વાદી અને તેમના પરીવારજનો ખોટી રીતે હેરાનપરેશાન કરી વર્ષોજૂનો રસ્તો માત્ર આ નંબરના ભાગીદારોનો આવેલ છે તે રસ્તો બંધ કરવાની ગેરકાનૂનીતજવીજ વાદીએ કરી આ ખોટો દાવો પ્રતિવાદી નં .૧ થી ૫ સામે દાખલ કરેલ છે. જેમકરવાનો વાદીનો કોઈજ કાનૂની હકક કે અધિકાર નથી જેથી વાદીનો દાવો રદૃ કરવા અરજ કરેલ છે.

બાદમાં સદર પ્રતિવાદી સાહેદની વાદીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં અણદાપુરના સીમાડામાસ.નં. ૬૫ થી તેમની જમીન આવેલી છે તેમજ સદર જમીન તેમજ તથા તેમના ભાઈઓની સંયુકત માલીકીની આવેલ છે તેમજ તેમનુઘ ૨ ફરેડી મુકામે આવેલ છે તેમજ તેમના ત્રણ ભાઈઓના ત્રણ હીસ્સા ઉત્તર દક્ષીણ આવેલ છે તેમજ સદર સર્વે નં બરના ઉત્તરે બામણીયા કાનાજી લક્ષ્મણજી વિગેરેના ખેતરો આવેલ છે અને તેને અડીને જેશાજી મોતીજીના સર્વે નંબરો આવેલ છે તેમજ તેમના ખેતરની ઉત્તરે અડીને માથાસુરીયા જવાનો રસ્તો આવેલ છે તેમજ સદર રસ્તો છોડી ઉત્તરે જેશાજી વીગરેના ખેતરો આવેલાછે તેમજ પટેલ રગાભાઈ છગનભાઈના તેમના હીસ્સાને ઉત્તર બાજુ શેઢાથી ૧૫ ફુટ દુર તેમનો બોર આવેલ છે અને ત્યાં મોટર તથા પી.વી.સી. પાઈપલાઈન વિગેરે આવેલ છે ત્યાં તેમની પી.વી.સી. પાઈપલાઈન નાખેલ છે તેમજ હાલ તેઓ તેમના હીસ્સામાં તેમના ખેતરની ઉત્તરે આવેલ માથાસુરીયા જવાના રસ્તા પર થઈ જાય છે તેમજ માથાસુરીયા જવાના રસ્તા પર જતા

તેઓને વાદીએ આજદિન સુધકી રોકેલ નથી તેમજ રંગાભાઈ છગનભાઈ પટેલના હીસ્સામાંથી પસાર થતો હોય તેવો કોઈ રસ્તો સ્થળ પર હાલ નથી તે તમામ હકીકતો ઉલટતપાસમાં કબુલ રાખેલ છે.

**(૧૧)** આ કામે મુદ્દા નં.૧ ની હકીકતો જોઈએ તો શું વાદી સાબિત કરે છે કે,વાદી તથા પ્રતિવાદી નં. ૧ તથા નં ૨ વાદીની માલીકીની મિલકતમાં વાદીને નુકસાન થાય તે રીતે નવો રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી રહેલ છે? આ કામે મુદ્દા નં.૧ ની હકીકતો પુરવા કરવા માટે વાદીના વિ.વકીલશ્રીબી.કે. પટેલનાઓએ મૌખીક દલીલ કરી જણાવેલ છે કે, વાદી તરફે આંક:૧ ની દાવા અરજીના સમર્થનમાં આંક:૩૪ થી વાદી સા. પટેલ રંગાભાઈ છગનભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજૂ કરેલ છે અને સદર સોગંદનામાના સમર્થનમાં આંક:૪ ના પુરાવાલીસ્ટથી નિ. ૪/૧ થી નિ. ૪/૪ ના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. આ ઉપરાંત વાદી તરફે નિ. ૧૦/૨ થી કોર્ટ કમીશ્નરશ્રીએ પંચો રુબરુ સ્થળસ્થિતિનુ કરેલ પંચનામુ તથા નિ. ૧૦/૩ થી કોર્ટ કમીશ્નરશ્રીએ પંચો રુબરુ સ્થળસ્થિતિનુ કરેલ નકશો દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. અને કોર્ટ કમીશ્નરશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચનામા તથા નકશામાં વાદીની હીસ્સાની જમીનમાં ઘઉનુ વાવેતર કરેલાનુ તથા તેમની હીસ્સાની જમીનમાં બોર હોવાનુ તેમજ ઈલેકટ્રીક વાયરો તેમજ પાઈપલાઈન નાખેલ હોવાનુ તેમજ તેમની જમીનમાં એલ્બાઓ નાખેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે તેમજ સદર વાદીની

જમીનમાં આ કામના પ્રતિવાદી નં.૧ તથા નં.૨ નાઓએ નવીન રસ્તો તાજો પુરણકામ કરી તૈયાર કરેલ હોવાનુ પણ સ્પષ્ટ પંચનામા તથા નકશા ધ્વારા જણાઈ આવે છે તેમજ પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની જમીનથી ફરેડી પંચાયતમાં રસ્તા તરફ નવીન તાજો રસ્તો બનાવેલ હોવાનુ જણાઈ આવે છે.આ ઉપરાંત નિ. ૪/૪ થી વાદી તરફે જે ફોટો ગ્રાફ્સ રજૂ થયેલ છે તે ફોટોગ્રાફ્સ ધ્યાને લેતાં પણ આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓએ વાદીની હીસ્સાની જમીનમાં પ્રથમ દ્રષ્ટિએ નવીન તાજો રસ્તો બનાવતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આથી વાદી મુદ્દા નં.૧ ની હકીકતો સ્પષ્ટપણે પુરવાર કરતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓ ધ્વારા લેખીત જવાબના સમર્થનમાં માત્ર આંક:૫૭ થી પટેલ મથુરભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજૂ કરેલ છે પરંતુ તેના સમર્થનમાં અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા નથી કે તેમના તરફે બીજુ અન્ય કોઈ કોર્ટ કમીશ્નર ધ્વારા પંચનામુ કે નકશો તૈયાર કરાવડાવી બીજો અન્ય કોઈ વૈકલ્પીક રસ્તો સ્થળ પર હોવાનો કોઈજ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ આ કામે પ્રતિવાદીઓ તરફે મુદ્દા નં.૨ પણ કાઢવામાં આવેલ છે .શું પ્રતિવાદીઓ વાદીનો દાવો રદ્દ હોવાને પાત્ર હોવાનુ સાબીત કરે છે ? તે અંગે પણ આ કામના પ્રતિવાદીઓ ધ્વારા આંક:૧૯ ના લેખીત જવાબ તથા આંક:૫૭ ના સરતપાસના સોગંદનામા સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા તેમના તરફે રેકર્ડ પર લાવી તેમજ તેમના તરફે યોગ્ય પુરાવા તેમના

ધ્વારા રજૂ કરી મુદ્દા નં.૨ ની હકીકતો પુરવાર કરી શકેલ નથી. આમ, વાદી તેમના તરફેના દાવાની હકીકતો તેમજ કાઢવામા આવેલા તમામ મુદ્દાઓની હકીકતો સ્પષ્ટપણે પુરવાર કરતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં વાદી તરફે આક:૭૦ થી લેખીત દલીલો રજૂ કરેલ છે જે ધ્યાને વંચાણે લઈએ તો અને રેકર્ડ પરના તમામ પડેલ પુરાવાઓની હકીકતો સાથે મૂલ્યાંકન કરતાં પણ આ કામના પ્રતિવાદીઓ વાદીના ઉત્તરના શેઢે આવેલ વાડની ઉત્તરે માથાસુલીયા તરફ જવાનો રસ્તો કે જેનો ઉપયોગ વાદી અને પ્ર તિવાદીઓ વર્ષોથી કરતા આવેલ છે તે હયાત રસ્તો હોવાછતાં વાડની અં દરની બાજુએ વાદીના હીસ્સામાં ખોટી રીતે પુરણ કરી નવો રસ્તો ઉભો કરતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવેલછે. અને તે કોર્ટ કમીશ્નરશ્રીના પંચનામા તથા નકશા ધ્વારા પણ તે હકીકતો વાદીએ પુરવાર કરેલછે. કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ પંચનામુ તથા નકશામાં વાદીના હીસ્સાનીજમીનમાં ઘઉનુ વાવેતર કરેલાનુ તેમજ તેમની જમીનમાં બોર હોવાનુ અને ઈલેકટ્રીક વાયરો હોવાનુ તેમજ પાઈપલાઈન નાખેલ હોવાનુ તેમજ એલ્બાઓપણ નાખેલ હોવાનુ પણ સ્પષ્ટપણે જણાઈઆવે છે તેમ છતાં વાદીના હીસ્સાની જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ નવીન તાજો પૂરણ કરેલ રસ્તો કરેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.વધુમાં સ્થળ ઉપર વાદીના હીસ્સાને અડીને ઉત્તરના શેઢાની ઉત્તરે પ્રતિવાદીઓના ખેતરમાં જવાનો માથાસુલીયા તરફ જતો રસ્તો આવેલ હોવાછતાં સદર

માથાસુલીયા તરફ જતો રસ્તે થઈ આવવા જવામાં વાદી પ્રતિવાદીઓને કોઈ અડચણ કરતા ન હોવાછતાં પ્રતિવાદીઓએ ખોટી રીતે વાદીના હીસ્સામા તેમના બોર્ડ ઈલેકટ્રીક વાયરો પાઈપલાઈન વગેરે આવેલ હોવાછતાં તેને નુકસાન કરી ચેનકેન પ્રકારે નવીન હકક ઉભો કરવાના આશયથી નવો રસ્તો બનાવતા હોય વાદીના હીસ્સામાં નવો રસ્તો ઉભો કરવાનો આ કામના પ્રતિવાદીઓને કોઈ હકક કે અધીકાર ન હોવાનુ પણ વાદીએ રેકર્ડ પરની હકીકતો ધ્વારા સાબીત કરેલ છે.જેથી વાદીએ માગેલ દાદ પણ મંજૂર કરવી મારા મતે યોગ્ય અને ન્યાયી જણાય છે.

**(૧૨)** વધુમાં આ કેસનુ અગાઉનુ સમગ્ર રેકર્ડ જોતાં અને તપાસતાં વાદીએ હાલનો કાયમી મનાઈહૂકમનો દાવો સાબીત કરવા માટે ઉપરોકત ઉલ્લેખીત મૌખીક તેમજ દસ્તાવેજ પુરાવાઓ પર આધાર રાખેલ છે.વાદી તરફે ઉપરોકત રજૂ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ પ્રતિવાદીઓ તરફે ઉપરોકત રજૂ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને વંચાણે લેતાં અને બંને પક્ષકારોના પુરાવાઓનુ એકબીજા સાથે મૂલ્યાંકન કરવામાં આવે તો વાદી તરફે રજૂ કરેલ આંક:૭૦ ની લેખીત દલીલો પણ માનવાલાયક જણાઈ આવે છે. અને વાદી પોતાનો દાવો સંપૂર્ણપણે પુરવાર કરતા હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે.આમ,સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં વાદીના હીસ્સે આવેલ જમીન તથા પ્રતિવાદીના હીસ્સે આવેલ જમીન બાબતે કોઈ તકરાર નથી. પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ તેમના દાવા જવાબમાં વાદીના

દાવાનો ઈન્કાર કરેલ છે. કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ નિ.૧૦/૩ ના નકશામાં વાદીના હીસ્સાની જમીનમાં ઘઉંની વાવણી થયેલાનું, બોર હોવાનું , ઈલેકટ્રીક વાયરો તેમજ પાઈપ હોવાનું જણાઈ આવે છે તેમજ સદર વાદીના હીસ્સાની જમીનમાં નવીન રસ્તો તાજો પુરણકામ કરેલ હોવાનું જણાઈ આવે છે.જે પ્રતિવાદી નં.ર ના હીસ્સાની જમીનથી ફરેડી પંચાયતમાં આવેલ રસ્તા તરફ નવીન રસ્તો બનાવેલ હોવાનું જણાઈ આવે છે જેથી કોર્ટ કશ્મિનર શ્રીએ કરેલ પંચનામું તથા નકશો તેમજ નિ.૪/૪ થી રજુ થયેલ ફોટોગ્રાફ ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧ અને ર વાદીના હીસ્સાની જમીનમાં પ્રથમ દૃષ્ટિએ નવીન રસ્તો બનાવતા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે જેથી જો આવો નવીન રસ્તો બને તો વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમજ સગવડતા-અગવડતાનું ધોરણ અને પ્રથમ દૃષ્ટિનો પુરાવો વાદીની તરફેણમાં હોવાનુ જણાઈ આવે છે.આક:પ ની અરજીના નિર્ણયમાં પણ પ્રતિવાદી નં.૧ અને ર નાઓએ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ એ વાદીના હીસ્સાની હદખૂંટવાળી દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારના રસ્તાનું કે અન્ય કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં કે કરાવવું નહીં તેવો દાવો ચાલતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧ અને ર ની વિરુધ્ધમાં ફરમાવવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ જણાય છે.આમ,વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ર વાદીનીમ ાલીકીની મિલ્કતમાં વાદીને નુકસાન થાય તે રીતે નવો રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી રહેલ હોાવનુ વાદી પોતાના પુરાવાથી સાબીત કરી શકેલ છે.જયારે વાદીઓનો દાવો રદૃ હોવાને પાત્ર હોવાની હકીકત આ કામના પ્રતિવાદીઓ તરફે પુરવાર કરેલ નથી જેથી વાદી

દાવામાં માંગ્યા મુજબની તમામ દાદ મેળવવા હકકદાર હોવાનુ મારુ માનવુ છે.એક હકીકત નિર્વિવાદ છે કે,આ કામે વાદીએ કુલ:૧૧ પ્ર તિવાદીઓ સામે પોતાનો દાવો દાખલ કરેલ છે દાવામાં પક્ષકારનો બાધ ન આવે તે માટે આકામના પ્રતિવાદી નં. ૩ થી ૧૧ નાઓને આ કામે ફોરમલ પક્ષકાર તરીકે દાખલ કરેલ છે અને નં.૩ થી ૧૧ સામે વાદીએ કોઈ દાદ માગેલ નથી પરંતુ પોતાની દાવા અરજીમાં માત્ર આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ સામે દાદની માગણી કરેલ છે આમ,વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.જેથી વાદી દાવામાં માંગણી મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનુ જણાઈ આવે છે.આમ, વાદી તરફે રજુ કરવામાં આવેલ તમામ પુરાવો લક્ષમાં લેતાં, વાદીની જુબાનીની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.આમ,આ કામે વાદી તરફે રજુ થયેલ તમામ પુરાવાઓ વિશ્વાસપાત્ર જણાતા હોય, વાદીનાં પુરાવાથી વાદીનાં દાવાની હકીકતો પુરવાર થાય છે. આથી, વાદીની દાવામાં રજૂ કરેલ તમામ હકીકતો પુરવાર થાય છે. જેથી, મુદા નં.૧ નો નિર્ણય/જવાબ હકારમાં આપવામાં આવે છે.જયારે મુદ્દા નં. મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.આમ,ઉપરોકત તમામ સંજોગોમાં વાદી પક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષની રજુઆતો ગ્રાહય રાખી ન્યાયના હીતમાં મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) વાદીનો દાવો આથી ''મંજુર ''કરવામાં આવે છે.

(૨) વાદીના દાવાના પેરા નં.૨ માં વર્ણવેલ ખૂંટ ચારના વર્ણન વચ્ચેની વાદીની દાવાવાળી જમીન મોજે: અણદાપુર, તા.મોડાસા ના સ.નં. ૬૫ પૈકી ૧/૪ ના ઉત્તર તરફે આવેલ વાદીના બોરકુવાને,ડીપીને, ખેતીમાં પાણી પિયત કરવા માટે આવેલ પી.વી.સી.પાઈપ લાઈનને, એલ્બાઓને નુકશાન થાય તે રીતે તેમજ ખૂંટ ૪ વચ્ચેના વર્ણન વચ્ચેથી વાદીની ખેતીની જમીનના કોઈપણ ખૂણામાંની જમીનમાં થઈ તેમજ તેમના કોઈપણ પ્રકારના વાદીના હકક અધિકારને નુકશાન થાય તે રીતે દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ કોઈપણ પ્રકારના રસ્તાનો નવીન હકક ઉભો કરવાનો અધીકાર નથી તેવુ જાહેર કરવામાં આવે છે

તેમજ સદર કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ સ.નં. ૬૫ ક્ષેત્રફળ ૩–૬૧–૪૦ વાળી જમીન પૈકી વાદીના દાવાના પેરા નં. ૨ મા જણાવેલ ખૂંટ ૪ વચ્ચેના વર્ણનવાળી જમીનમાં આવેલ તેમના બોર, ઉભા પાક, વીજકનેકશન માટેની ડીપી, પિયત માટેની તેમની પીવીસી લાઈન અને તેના એલ્બાઓને નુકસાન થાય તે રીતે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ ધ્વારા હાલ કે ભવીષ્યમાં રસ્તો બનાવે કે બનાવડાવે નહી તેવો કાયમી જાથુનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવાનો હૂકમ કરવામાં આવે છે .

(૩) આ દાવાનો થયેલ તમામ ખર્ચ પ્રતિવાદીઓએ વાદીને ચુકવી આપવો અને પોતાને થયેલ ખર્ચ જાતે ભોગવવો તેવો હૂકમ કરવામાં આવે છે.

(૪) ઉપરોકત હુકમ મુજબ હુકમનામું દોરવું.

ચુકાદો આજ **તારીખ: ૨૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

| | |
|---|---|
| મુ. મોડાસા.<br>તા. ૨૪–૦૩–૨૦૨૬ | ( એસ.આર. શર્મા)<br>જજ કોડ નં.જી.જે.૦૧૫૭૧<br>એડીશ્નલ સીવીલ જજ ,<br>મોડાસા.જી. અરવલ્લી. |

જે.આર.રાઠોડ,પી.એ.